# શેતાનનો સામનો કરવા ઈસુએ બાઈબલનો ઉપયોગ કર્યો તે રીતે તમે કરો.

બાળકોની ઉંમર અને જરૂરિયાત મુજબની પ્રવૃત્તિઓ પસંદ કરો.

**પ્રાર્થના :** વ્હાલા પ્રભુ, આ અભ્યાસ દ્વારા બાળકો પ્રભુ ના વચનનો ઉપયોગ તેમના માર્ગોને માટે અજવાળારૂપે કરે અને તમને આધિન થાય તેવું થવા દો.



Ancient oil lamp

પ્રાચીન દીવો



Kerosene lantern

ફાનસ

માત્થી ૪:૧થી૧૧ વાંચીને ઈસુના પરિક્ષણની વાર્તા શિખવવાની તૈયારી કરો. તે વાર્તા આપણને શિખવે છે કે કઈ રીતે દેવની ઈચ્છાને આધિન રહીને શત્રુના પરિક્ષણોને સામનો કરવો જોઈએ.પ્રભુ ઈસુ શેતાનનો સામનો કરે છે તે વાર્તા કોઈ મોટો છોકરો વાંચી જાય અથવા મોઢે કહે.

વાર્તા કહ્યા પછી્ આ પ્રશ્નો પૂછો *(જવાબો સાથે જ છે)*

- ઈસુ ને કેમ ભૂખ લાગી ? કલમ-૨
- શેતાનના દરેક પરીક્ષણોનો જવાબ પ્રભુ ઈસુએ કઈ રીતે આપ્યો ? (તેણે બાઈબલના વચનો વડે જવાબ આપ્યો ક-૪,૭ અને ૧૦
- શું ઈસુને દેવના વચનો મોઢે હતા ? (હા)
- પરિક્ષણોનો સામનો કરવા અને જીવનમાં નિર્ણયો લેતી વખતે આપણે કેવી રીતે તૈયાર થઈ શકીએ ?
- (આપણે ઈસુના નમૂનાને અનુસરવું જોઈએ. તેણે પ્રાર્થના અને ઉપવાસમાં સમય ગાળ્યો તેમજ જીવનભર તેમ દેવનું વચન સમજવામાં અને આધિન થવામાં મન લગાડ્યું).

શેતાન આજે પણ લોકો ને લલચાવવા માટે તે જ ત્રણ માર્ગો અખત્યાર કરે છે.

- શેતાનનું પ્રથમ પરીક્ષણ પથ્થરોને રોટલીમાં બદલવા માટેનું હતું. શેતાન આપણી શારીરિક જરૂરિયાતો માટે આપણે ચિંતા કરીએ માટે આપણને લલચાવે છે. પ્રભુ ઈસુ સમજાવે છે કે આપણી શારીરિક જરૂરિયાતો કરતા પ્રભુ પર વિશ્વાસ રાખવો અને આધિન થવું વધારે અગત્યનું છે.
- શેતાનનું બીજું પરિક્ષણ તે મંદિરના ઊંચા બુરજ પરથી કુદકો મારે તે હતું. તેમ કર્યું હોત તો અસંખ્ય લોકોએ તેની અજબ શકિતના વખાણ કર્યા હોત. શેતાન ચાહે છે કે ખોટી બાબતો કરીને પણ આપણે એવું કરીએ કે તો લોકો તાજ્જુબ થાય, એવા કામોથી લોકો આપણને પસંદ કરે અને આપણી પાછળ આવે. શાસ્ત્રવચનો જણાવે છે કે આપણા જીવનમાં પ્રભુ જ સૌથી પ્રથમ અને શ્રેષ્ઠ છે કોઈ બાબત તેનું ભજન કરવાથી આપણને રોકી શકવી ના જોઈએ.
- શેતાનનું ત્રીજું પરિક્ષણ આખા જગત પર સત્તા ચલાવવાનું હતું. શેતાન ચાહે છે કે આપણા સ્વાર્થી હેતુઓ માટે આપણે આપણી શક્તિ અને અધિકારો વાપરીએ. શાસ્ત્ર શીખવે છે કે આપણે દેવની જ સેવા કરવી જોઈએ અને દેવ કે કોઈ માણસ આપણી સેવા કરે તેવો પ્રયાસ ન કરવો જોઈએ.

લોકોને **સમજાવો** કે આપણે ખ્રિસ્તીઓએ ઈસુના રસ્તે પરિક્ષણો સામનો દેવના વચનો ટાંકીને કરવો જોઈએ. આપણે ઈસુની જેમ બાઈબલ સારી રીતે જાણવું જોઈએ કે આપણે શેતાનનો સામનો કરી શકીએ.

ઈસુ શેતાનનો સામનો કરે છે તે **નાટક કરો.**

- સભાના આગેવાન સાથે મળીને આ નાટક રજુ કરવાનું ગોઠવો.
- મોટા છોકરા નાના છોકરાઓને તૈયારીમાં મદદ કરે.
- મોટા છોકરા કે સભાજનોમાંથી કોઈ ઈસુ, પરીક્ષણ કરનાર અને વર્ણન કરનારના પાત્રો ભજવે. વર્ણન કરનાર ટૂંકમાં વાર્તા કહી સંભળાવે અને બાળકોને જે કહેવું તે યાદ કરાવે.
- નાના છોકરા કાગળના મુગટ પહેરેલા રાજાઓ અને કાગળની પાંખોવાળા દૂતો બને અથવા હાથ વડે પાંખોનો અભિનય કરે.

**વર્ણન કરનાર :** માત્થી ૪:૧-૧૧ પરથી વાર્તા કહે પછી કહે, 'સાંભળો ઈસુ કેવી પ્રાર્થના કરે છે'

**ઈસુ :** પિતાજી, હું ખુશ છું કે ચાલીસ દિવસ તમારી સાથે ગાળવાનો સમય મને મળ્યો. મને ખૂબ ભૂખ લાગી પણ તમે મારા માટે જે કાર્ય ઠરાવ્યું છે તે માટે તૈયાર થવું મને વધારે જરૂરી છે.

**પરીક્ષણ કરનાર :** હે દેવના દીકરા સાંભળ, તારે ભૂખ્યા રહેવાની જરૂર નથી. દેવ તારી કાળજી લે તેની રાહ કેમ જૂએ છે ? આ પથ્થરોની રોટલી બનાવી દે.

**ઈસુ :** ના, દેવ કહે છે કે માણસ એકલી રોટલીથી જીવતો નથી. હું દેવના વચનથી જીવું છું.

**પરીક્ષણ કરનાર :** ઈસુને ખુરશી ઉપર ચઢાવે છે, પછી કહે છે ,હવે નીચે જો તું મંદિરની સૌથી ઉપર છે, પોતાને નીચે ફેંકી દે અને દેવને તેના વચન પ્રમાણે તને બચાવવા દે.

**ઈસુ :** હું દેવને કોઈ કામ કરવાનું નહીં કહું. બાઈબલ કહે છે કે દેવની પરીક્ષા ના કરો માટે હું તેની જ સેવા કરીશ અને તે જેમ કહે તેમ કરીશ.

**પરીક્ષણ કરનાર :** રાજાઓને બતાવે છે અને કહે છે 'આ બધા રાજાઓ સામે જો. તું તેમની ઉપર રાજ કરી શકે ! એટલું જ કે દેવને ભૂલી જા અને મારી સેવા કર. જો તું કેટલો શક્તિશાળી સમ્રાટ બને છે!'

**રાજાઓ :** પરીક્ષણ કરનારની પાસે જઈને આજુબાજુ ઊભા રહે છે અને માથા નમાવીને કહે છે, 'સલામ માલિક, અમને શક્તિ આપો'

**ઈસુ :** રાજાઓ જાય છે ત્યાં સુધી ઉભો રહે છે. પછી શેતાનને હડસેલી મૂકે છે. કહે છે ,'શેતાન,ચાલ્યો જા ! વચનમાં લખેલું છે કે તારા દેવનું એકલાનું ભજન કર. લોકો મને વખાણે અને મારી પાછળ આવે એટલા માટે હું ધાર્મિક પ્રવૃત્તિઓ કરતો નથી. '

**પરીક્ષણ કરનાર :** જતો રહે છે પણ જતા જતા કહે છે, 'હું, પાછો આવીશ'

**દૂતો** : તેની આસપાસ જઈને તેમના હાથ ઈસુને વિંટાળે છે તેઓ કહે છે, 'તારા પિતાએ તારી સેવા કરવા અમને મોકલ્યા છે.'

**પ્રશ્નોત્તરી :** જો બાળકોએ મોટાઓ માટે આ નાટક ભજવ્યું હોય તો તેમને ઉપર શરૂઆતમાં જે પ્રશ્નો છે તે પૂછવા દો.

**પ્રવૃત્તિ** : બાઈબલના પુસ્તકોના નામો મોઢે કરવા. આ માટે ગીત પણ બનાવી શકાય.

એક માણસ હાથમાં ઊંચી મીણબત્તી પકડી રાખીને રસ્તા પર ચાલી રહ્યો છે તેવું **ચિત્ર દોરવું.**

- બાળકો આ ચિત્રની નકલ કરે અને રસ્તા ઉપર હાનિકારક વસ્તુઓ પણ ઉમેરે.
- આ ચિત્રો ભજનસેવા વખતે બતાવવા અને બાળકો સમજાવે કે દેવનું વચન દીવા સમાન છે અને દેવના દેવ તેનું વચન દીવાની માફક બીજી કઈ રીતે આપણને ભૂંડાઈથી બચાવવા વાપરે છે, તેના બીજા ઉદાહરણો ની ચર્ચા કરો.
- પૂછો : ક્યા વચનોએ તમને ભૂંડાઈથી દૂર રહેવામાં સહાય કરી છે ?

માર્ગમાં પરીક્ષણો અને ભય હોવા છતાં તે આપણને દોરવણી આપે છે.

**ગીત :** કેટલાક છોકરાઓ ગી.શા.૧૧૯:૯૭,૧૦૩,૧૦૫,૧૧૧ અને ૧૧૨ મોઢે બાલે અથવા તેનું ગીત ગાય

મોટા છોકરા માત્થી ૪:૪ માં ઈસુના શબ્દોને લઈ ગીત બનાવે.

૨ તિમોથી ૨:૧૫ **મોઢે કરાવો.**

**પ્રાર્થના :** હે પિતા, તમારૂં વચન અમારે માટે ખજાનો છે. પરીક્ષણો અને ભૂંડાઈથી બચવા માટે તમારો આત્મા તેને અમારા મનોને માટે વાપરો.




Copyright © 2004 by Paul - Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net